# સંસ્કૃતિ કી જ્યોતિ મંદિર

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત
તેમનાં જન્મજયંતી મહોત્સવોએ તેમજ લંડનમંદિર રજતજયંતિ
નિમિત્તે પ્રસ્તુત થયેલ તેમનાં નૂતન નૃત્યગીતોનું ઓડિયો આલ્બમ

## મંગલાચરણ

જેણે જાત ઘસી સદાય વિચરી, કીધું ભલું વિશ્વનું
જેણે મંદિર સંત શાસ્ત્ર રચીને, કલ્યાણ સૌનું કર્યું;
જેણે રાજ કર્યું દિલે સકલના, શોભે ગુણો સંતના,
ભાવે જન્મશતાબ્દીએ પ્રમુખજી, ગાઈ કરું વંદના.

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ સાધુ સારંગકીર્તનદાસ, ભાર્ગવ ભગત, સાધુ કેશવકીર્તનદાસ, સાધુ ગુરુદર્શનદાસ, સાધુ મધુરવદનદાસ

# नारायणस्वरूपाभिध्यानम्

ॐ स्वामिनारायणाय नमः। ॐ नारायणस्वरूपाय नमः॥

૧. ઉપનિષદ્ શૈલીમાં રચાયેલ પ્રમુખસ્વામી મહારાજના મહિમાના મંત્રોને વૈદિક ગાનશૈલીમાં માણતાં માણતાં ગુરુહરિની સ્મૃતિ કરીએ.

ॐ शं नः परं ब्रह्म स्वामिनारायणः सदा।
शं नो भवत्वक्षरपुरुषोत्तमः।
शं नो ब्रह्माक्षरं गुणातीतानन्दो, भवतु शन्नो भगतजीमहाराजः।
शन्नः शास्त्रिमहाराजश्च शन्नो योगिराजस्तथा।
ॐ सदा शन्नः प्रमुखस्वामिमहाराजो महन्तस्वामिमहाराजस्तथा।
ॐ शन्नो भवतु। भवतु नः शमिति॥ ॐ

૨. હવે અમે નારાયણસ્વરૂપનું વ્યાખ્યાન કરીએ છીએ.

હે પ્રમુખસ્વામી મહારાજ, આપ પરમ સત્ય છો, સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ છો, અનંત છો, અમૃત છો, દિવ્ય છો, નિર્વિકાર છો, નિર્બંધ છો, નિર્બંધ કરનાર છો, એવા આપ અમારા ગુરુ છો. આપ જ અમારો આત્મા છો.

अथ प्रत्यक्षनारायणस्वरूपं व्याख्यास्यामः।

ॐ सत्योसि। ॐ ज्ञानमसि। ॐ अनन्तोसि। ॐ अमृतोसि। ॐ दिव्योसि। ॐ निर्विकारोसि। ॐ नित्यनिर्बन्धोसि। ॐ निर्बन्धकरोसि। ॐ प्रत्यक्षोसि। ॐ मद्गुरुरसि। ॐ ममात्मासि॥ ॐ

હે ગુરુહરિ, હું ઋત જ કહું છું. સત્ય જ કહું છું. આપ અક્ષરબ્રહ્મ છો. આપ પરમાત્માને રહેવાનું સાક્ષાત્ ધામ છો.

ॐ ऋतं वदिष्यामि। सत्यं वदिष्यामि। ब्रह्मासि, अक्षरं ब्रह्म त्वा वदिष्यामि। धामासि, अक्षरं धाम त्वा वदिष्यामि॥ ॐ

હે સ્વામી, આપ પરબ્રહ્મના નિત્ય સેવક છો. આપ પરબ્રહ્મની પરાભક્તિમાં નિત્ય રમમાણ રહો છો.

ॐ नित्यं परब्रह्मसेवकोसि। परब्रह्मसेवकं त्वा वदिष्यामि।
नित्यं परब्रह्मभक्तिरतोसि। परब्रह्मभक्तिरतं त्वा वदिष्यामि॥ ॐ

હે સ્વામી, આપ સદાય પરબ્રહ્મને ધારીને રહ્યા છો. આપ પરબ્રહ્મના પ્રગટપણાનો સદાય અનુભવ કરાવો છો. આપ પરબ્રહ્મનું પ્રગટ સ્વરૂપ છો.

ॐ नित्यं परब्रह्मधारकोसि। परब्रह्मधारकं त्वा वदिष्यामि।
नित्यं परब्रह्मप्राकट्यानुभावकोसि। परब्रह्मप्राकट्यानुभावकं त्वा वदिष्यामि॥ ॐ

હે ગુરુહરિ, આપ નારાયણનું સ્વરૂપ છો. આપ મારી રક્ષા કરો. આપ મને અક્ષરધામ પમાડો. મને પુરુષોત્તમની સમીપે બેસાડો.

ॐ त्वमेव प्रत्यक्षं नारायणस्वरूपमसि।
त्वामेव प्रत्यक्षं नारायणस्वरूपं वदिष्यामि। ॐ
तन्मामवतु। तन्मा अक्षरं गमयतु। गमयतु माम्।
गमयतु मां पुरुषोत्तमम्॥ ॐ शान्तिः शान्तिः शान्तिः। ॐ

૩. હે ગુરુહરિ, આપ પરબ્રહ્મ નારાયણનું સ્વરૂપ છો. આપ સત્ય, દમ, શમ, તપ સર્વેનું મૂર્તિમાન સ્વરૂપ છો.

ॐ ऋतं च प्रत्यक्षनारायणस्वरूपं च।
सत्यं च प्रत्यक्षनारायणस्वरूपं च।
दमश्च प्रत्यक्षनारायणस्वरूपं च।
शमश्च प्रत्यक्षनारायणस्वरूपं च।
तपश्च प्रत्यक्षनारायणस्वरूपं च।
सर्वं च प्रत्यक्षनारायणस्वरूपं च॥ ॐ

૪. સૂર્ય, ચંદ્ર, અંતરિક્ષ, પૃથ્વી વગેરે આ નારાયણસ્વરૂપના આધારે છે.

ॐ एतस्य नारायणस्वरूपस्य प्रशासने सन्तः! सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः।

एतस्य वा नारायणस्वरूपस्य प्रशासने सन्तः! द्यावापृथिव्यौ विधृते तिष्ठतः।

एतस्य वा नारायणस्वरूपस्य प्रशासने सन्तः! सर्वं विधृतं तिष्ठति।

एवं यो वेद तस्य तत्॥ ॐ

૫. જે આવા અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુહરિને જાણે તે સાચો બ્રહ્મવિદ્યાનો જાણકાર છે.

ॐ यो वा एतदक्षरब्रह्मस्वरूपं गुरम् अविदित्वा अस्माल्लोकात् प्रैति स कृपणः।

अथ य एतदक्षरब्रह्मस्वरूपं गुरुं विदित्वा अस्माल्लोकात् प्रैति स ब्रह्मविद्यावान्॥

ॐ नारायणस्वरूपाय विद्महे। ब्रह्मस्वरूपाय धीमहि। तन्नः प्रमुखः प्रचोदयात्॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

કવિઃ સાધુ ભદ્રેશદાસ

ગાયકઃ સંતવૃંદ

# પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવ ૨૦૨૦

શ્લોકઃ

મનસ્યેકં વચસ્યેકં કર્મણ્યેકં ચ સેવતે ।

તસ્મૈ શ્રીહરિનિષ્ઠાય પ્રમુખસ્વામિને નમ: ॥

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકઃ જયદીપ સ્વાદિયા અને ગાયકવૃંદ

**प्रमुखस्वामी महाराज जन्मजयंती – २०२० - मंदिर नृत्य**

मन्दिरं... दिव्यं... प्रमुखस्वामी का उपकार अनुपम...

संस्कृति की ज्योति यह मंदिर, धाम हरि का दिव्यम् ।

प्रमुखस्वामीजी का हम सब पर, है उपकार अनुपम ॥ संस्कृति की.ध्रुव

भक्त सहित भगवान के दर्शन होते हैं मंदिर में,

ओम् स्वामिनारायणाय नमः... अक्षरपुरुषोत्तमाय नमः...

श्रद्धा भक्ति ज्ञान प्रेम के दीप जले मंदिर में;

अनुभव करते सभी हृदय में सत्यं शिवं सुंदरम् । संस्कृति की. १

शांति और संस्कार मूल्य का संवर्धन मंदिर में,

सदाचार नि:स्वार्थ सेवा के पाठ सिखे मंदिर में;

भारतीय संस्कृति की भरता अस्मिता जो अतुल्यम् । संस्कृति की.२

कविः साधु मधुरवदनदास

गायकः सुरेश वाडकर

## કોટિ કોટિ વંદન કરીએ પ્રમુખસ્વામીના ચરણોમાં

કોટિ કોટિ વંદન કરીએ પ્રમુખસ્વામીનાં ચરણોમાં,
રચ્યું શ્વેત હંસ તુલ્ય મંદિર, કરુણાનિધાન ચરણોમાં. કોટિ કોટિ. ધ્રુવ.

આપનું ઋણ અમ શિરે અનંત છે, કોટિ જન્મે નહીં ચૂકવાય,
રાજી રહેજો દૃષ્ટિ કરજો, છીએ સમર્પિત અમે સદાય. કોટિ કોટિ. ૧

મંદિર આ છે હૃદય તમારું, ઉપકારોથી ધડકી રહ્યું,
જનજનના પરિવર્તન કરતું, સકલ વિશ્વમાં ગુંજી રહ્યું. કોટિ કોટિ. ૨

સ્વામી તમારી અગણિત સ્મૃતિઓ, મંદિરના કણકણમાં ભરી,
શિલ્પે શિલ્પે અનંત કળાઓ, જીવંત બનીને મહેકી રહી. કોટિ કોટિ. ૩

કરીએ પ્રતિજ્ઞા રજત મહોત્સવે, એક જ આપને રીઝવીએ,
પરમહંસ બની મહંતસ્વામીના, સેવક અખંડ બની રહીએ રે. કોટિ કોટિ. ૪

વંદન વંદન પ્રમુખસ્વામીને...

ચૂકવી શકાય ન ઋણ આપનું, ધરીએ જનમ અનંત,
સ્વીકારો કરોડો વંદન અમારાં, હે ગુરુહરિ ભગવંત.

કવિઃ સાધુ અક્ષરજીવનદાસ

ગાયકઃ જયદીપ સ્વાદિયા અને ગાયકવૃંદ

# સૂરજ ઊગિયો પશ્ચિમ ધરા

સૂરજ ઊગિયો પશ્ચિમ ધરા, તેજ વ્યાપ્યું ભગવંતા,
તિમિર ટળ્યું ભૂખંડનું, પુણ્ય પ્રકાશ્યું અનંતા.

વંદન હજો કરોડો યોગીરાજનાં ચરણોમાં ચરણોમાં,
કરુણાસિંધુ એવા ગુરુહરિનાં ચરણોમાં ચરણોમાં,
સુવર્ણ ઉત્સવ યુ.કે.નો, કરીએ વંદના કોટિ વંદના.

કર્યા યુવાનો યોગીજીએ દૃઢ નિયમ-વ્રતધારી,
સત્સંગ સેવા કથાવાર્તા ભક્તિ છલકે ભારી,
ઉત્સવ કેરી રંગત જામી, સત્યુગની ચિનગારી. વંદન હજો.

યોગીરાજનાં ઐશ્વર્યની ઝડી વરસતી રે,
અખિલ સૃષ્ટિ આનંદે આજે, ગુરુકૃપા ઝંખતી,
ઇઝ્લિંગ્ટનનું મંદિર જાણે, વસંત ખીલી રે,
આયો રે આયો રે આયો, આયો રે આયો રે આયો, સુવર્ણ ઉત્સવ આયો રે,
જીવો પ્રત્યે યોગીજીની કલ્યાણભાવના છલકી રહી,
નાના મોટા ઊંચ-નીચની ભેદરેખા ભૂંસાઈ ગઈ,
શ્રીજીના આશ્રિત કરીને અક્ષરપોળ ઉઘાડી. આયો રે આયો...

યોગીજીએ યૌવન ધાર્યું પ્રમુખસ્વામીના રૂપે,

પ્રમુખસ્વામી પણ મહંતસ્વામીમાં પ્રગટ્યા નવલ સ્વરૂપે...

અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના વિશ્વે પડઘમ ગુંજે. આયો રે આયો રે. વંદન હજો.

કરીએ વંદના કોટિ વંદના, યોગીરાજને કોટિ વંદના..

કરીએ વંદના કોટિ વંદના, પ્રમુખસ્વામીને કોટિ વંદના..

કરીએ વંદના કોટિ વંદના, મહંતસ્વામીને કોટિ વંદના..

કવિઃ સાધુ અક્ષરજીવનદાસ

ગાયકઃ દિવ્યકુમાર, અમેય દાતે, જયદીપ સ્વાદિયા અને ગાયકવૃંદ

## યોગીરાજના સંકલ્પે

યોગીરાજના સંકલ્પે પ્રમુખસ્વામીના પગલે,
યુરોપ ખંડની ધન્ય ધરાને મહંતસ્વામી રંગે.

બીજ બન્યું વટવૃક્ષ જેની શીતલ છાંયે રહીએ,
આવો હર્ષે યુરોપ ખંડને સત્સંગ રંગે રંગીએ.

કવિઃ પરેશ હિંગુ

ગાયકઃ જયદીપ સ્વાદિયા અને ગાયકવૃંદ

# **प्रमुखं नमामि**

छन्द: वसन्ततिलका

**ब्रह्माऽक्षरं हरिवरस्य सुदिव्यधाम**

**साक्षाद्धरि: स्वहृदि येन धृतश्च सम्यक् ।**

**यो मोक्षदोऽवनितले प्रकटो महन्ते**

**कृत्वार्चनं गुरुहरिं प्रमुखं नमामि ॥१॥**

અર્થ: જેઓ શ્રીહરિનું દિવ્ય અક્ષરધામ હતા, જેમણે સાક્ષાત્ શ્રીહરિને પોતાના હૃદયમાં સમ્યક્ ધારણ કર્યા હતા, મોક્ષના દાતા એવા જેઓ આ પૃથ્વી ઉપર મહંતસ્વામી મહારાજમાં પ્રગટ છે; તેવા પ્રમુખસ્વામી મહારાજનું પૂજન કરીને હું પ્રણામ કરું છું.

**दु:खं सदा करुणया विविधं सहित्वा**

**दत्तं सुखं हरिजनाय हरे: सुदिव्यम् ।**

**नैजं सुखं परसुखेऽभिमतं च येन**

**कृत्वार्चनं गुरुहरिं प्रमुखं नमामि ॥२॥**

અર્થ: જેમણે સદાય અત્યંત કરુણાથી કષ્ટો સહીને શ્રીહરિનું દિવ્ય સુખ દરેક ભક્તને આપ્યું છે. જેણે બીજાના ભલામાં પોતાનું ભલું માન્યું છે, એવા પ્રમુખસ્વામી મહારાજનું પૂજન કરીને હું પ્રણામ કરું છું.

**दिव्या सुसाधु-हरिमन्दिर-शास्त्र-रूपा**

**भव्या कृपा भुवि जनाय कृता च  येन ।**

**जातश्च विश्वजनमोक्षकृते धरायां**

**कृत्वार्चनं गुरुहरिं प्रमुखं नमामि ॥३॥**

અર્થ: જેમણે સંતો, મંદિરો અને શાસ્ત્રો રચીને આ પૃથ્વીમાં લોકો પર અતિશય કૃપા કરી છે, જે પૃથ્વી પર સૌના કલ્યાણ માટે પ્રગટ્યા હતા, એવા પ્રમુખસ્વામી મહારાજનું પૂજન કરીને હું પ્રણામ કરું છું.

**गीता निरूपयति ब्रह्मस्थितिं च यस्य**

**वेदान्तवेद्यपुरुषोत्तम-सेतुरेषः।**

**जिज्ञास्य एष हरिणा सह ब्रह्मसूत्रे**

**कृत्वार्चनं गुरुहरिं प्रमुखं नमामि ॥४॥**

અર્થ: ગીતા જેની બ્રાહ્મી સ્થિતિ નિરૂપે છે, ઉપનિષદો દ્વારા જાણવા યોગ્ય પુરુષોત્તમના જે સેતુ છે, બ્રહ્મસૂત્રમાં બ્રહ્મ સાથે જેને જાણવાની ઈચ્છા કરવા એમ સૂચવવામાં આવ્યું છે, એવા પ્રમુખસ્વામી મહારાજનું પૂજન કરીને હું પ્રણામ કરું છું.

**यत्पादधूलिधरणं हरिरिच्छति स्वे**

**शीर्षे च दर्शनमपीच्छति यश्च यस्य।**

**सेव्यो य एव हरिवद्धरिणोक्तमेतत्**

**कृत्वार्चनं गुरुहरिं प्रमुखं नमामि ॥५॥**

અર્થ: જેની ચરણરજ સ્વયં શ્રીહરિ પોતાના મસ્તકે ઈચ્છે છે અને જેનાં દર્શનને પણ ઈચ્છે છે. જે ભગવાનની જેમ સેવા કરવા યોગ્ય છે, એમ શ્રીહરિ જ કહે છે; એવા પ્રમુખસ્વામી મહારાજનું પૂજન કરીને હું પ્રણામ કરું છું.

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકઃ ગાયકવૃંદ